# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-07-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Tuesday** **National News**

**આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.**

**************************************************

- ✓ રાષ્ટ્રપતિના અભિભાષણના આભાર પ્રસ્તાવ પર પ્રધાનમંત્રી લોકસભામાં સાંજે ચાર વાગે જવાબ આપશે
- ✓ ચૂંટણી બાદ એનડીએના સાંસદોની પ્રથમ બેઠકમાં મોદીએ સભ્યોને ગૃહની ગરિમા જાળવીને યોગ્ય આચરણ કરવા અપીલ કરી
- ✓ આમ આદમી પાર્ટીની સરકાર દ્વારા દિલ્હી મહિલા પંચને તોડી પાડવાના પ્રયાસ થતા હોવાનો સ્વાતી માલીવાલે કેજરીવાલને પત્ર લખ્યો
- ✓ અન્ય દેશોના વિદ્યાર્થીઓ માટે ઓસ્ટ્રેલિયાએ વિઝા ફીમાં વધારો કર્યો
- ✓ હવામાન વિભાગે ઉત્તરાખંડ, આસામ અને મેઘાલયમાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PAR-MOTION OF THANKS

સંસદના સંયુક્ત ગૃહોમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કરેલા સંબોધન પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ચાર વાગે લોકસભામાં અને આવતી કાલે રાજ્યસભામાં જવાબ આપશે. નવી દિલ્હીમાં એનડીએ

સંસદીય પક્ષની બેઠક બાદ કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ આ માહિતી આપી હતી.

દરમિયાન, સંસદના બંને ગૃહોમાં આજે રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચા પુનઃ શરૂ થઈ હતી. લોકસભામાં ચર્ચામાં ભાગ લેતા સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે જણાવ્યું કે, સરકાર પાસે સ્પષ્ટ બહુમતી નથી અને આ ઇન્ડિયા ગઠબંધનનો વિજય છે. શ્રી યાદવે ભારતીય અર્થતંત્ર અંગે સરકારનાં દાવા સામે પ્રશ્ન કરતા જણાવ્યું કે, ભારત વિશ્વનું પાંચમું મોટું અર્થતંત્ર બની ગયું હોવા છતાં પ્રતિ વ્યક્તિ આવક હજુ પણ ઓછી છે. તેમણે પ્રશ્નપત્ર ફુટવાની ઘટનાઓનો મુદ્દો ઉઠાવતા આક્ષેપ કર્યો કે સરકાર યુવાનોને રોજગારી નથી આપવા માંગતી.

ભાજપના સંતોષ પાંડેએ ગઈ કાલે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કરેલા નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે સરકારની સિધ્ધિઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, માળખાકીય ક્ષેત્રમાં અનેક વિકાસ કાર્યો કરવામાં આવ્યા છે.

રાજ્યસભામાં, ચર્ચામાં ભાગ લેતા એજીપીના બિરેન્દ્ર પ્રસાદ બૈશ્યએ અનુસૂચિત જનજાતિની યાદીમાં કેટલાંક સમુદાયોનાં સમાવેશનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે રાજ્યમાં ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

ભાજપના સાંસદ અશોક રાવ ચવાણે જણાવ્યું કે, ચૂંટણી દરમિયાન દુષ્પ્રચાર કરવામાં આવ્યો હતો કે ભાજપ બંધારણમાં ફેરફાર કરવા માંગે છે. શ્રી ચવાણે વધુમાં જણાવ્યું કે, નીટ પરીક્ષામાં ગેરરિતી કરનારા દોષિતો સામે પગલાં લેવામાં આવશે.

# NDA MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે NDAના સાંસદોને સંસદના નિયમોનું પાલન કરવા, સંસદીય લોકશાહીના સિદ્ધાંતોને જાળવી રાખવા અને સારા વ્યવહાર

કરવા વિનંતી કરી હતી, શ્રી મોદીએ આજે સવારે નવી દિલ્હીમાં એનડીએ સંસદીય દળની બેઠકને સંબોધતા આ વિનંતી કરી હતી.

નવી સરકારની રચના બાદ એનડીએની આ પ્રથમ બેઠક હતી. બેઠક બાદ મીડિયાને સંબોધતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ માહિતી આપી હતી કે પ્રધાનમંત્રીએ NDAના તમામ સાંસદોને યોગ્ય વર્તન અંગે માર્ગદર્શન આપ્યું હતું. શ્રી રિજિજુએ જણાવ્યું કે પ્રધાનમંત્રીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે દરેક સાંસદ દેશની સેવા કરવા માટે ચૂંટાયા છે અને તેઓ ગમે તે પક્ષના હોય, દેશની સેવા તેમની મુખ્ય જવાબદારી છે.

આ અગાઉ એનડીએના નેતાઓ અને સભ્યોએ પીએમ મોદીને સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી બનવા પર અભિનંદન પાઠવ્યા હતા.

## SWATI MALIWAL

આમ આદમી પાર્ટીના સાંસદ સ્વાતિ માલીવાલે આજે આરોપ લગાવ્યો છે કે દિલ્હી સરકાર દ્વારા દિલ્હી મહિલા પંચને વ્યવસ્થિત રીતે તોડી પાડવામાં આવ્યુ છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને લખેલા પત્રમાં સ્વાતી માલીવાલે કમિશનની સિસ્ટમોને નષ્ટ કરવા બદલ દિલ્હી સરકાર પર પ્રહારો કર્યા હતા. પગારની ચૂકવણી, બજેટમાં કાપ, સ્ટાફને હટાવવા સહીતના કથિત મુદ્દાઓને ટાંક્યા છે. તેણે મહિલા હેલ્પલાઈન નંબર બંધ કરવા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. કુ. માલીવાલે શ્રી કેજરીવાલના હસ્તક્ષેપની માંગણી કરી છે.

રાષ્ટ્રીય રાજધાનીની મહિલાઓ અને બાળકો પ્રત્યેની જવાબદારીઓ દિલ્હી સરકાર દ્વારા નિભાવવામાં આવે તેવી પણ તેમણે તેમના પત્રમાં માંગણી કરી છે.

## Jharkhand-Naxal Operation

ઝારખંડમાં રાજ્યવ્યાપી કોમ્બિંગ ઓપરેશન દરમિયાન છ માઓવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. લાતેહાર જિલ્લાના જંગલ વિસ્તારોમાંથી ચાર

માઓવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે રાંચી અને ખુંટી જિલ્લામાંથી એક-એકની ધરપકડ કરવામાં આવી હતી.

માઓવાદીઓના કબજામાંથી હથિયારો, દારૂગોળો અને વાંધાજનક સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન એક માઓવાદીએ રાંચી પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# AMARNATH-YATRA-5TH-BATCH.rtf

કાશ્મીર ખીણમાં વાર્ષિક અમરનાથ યાત્રા માટે આજે છ હજાર 537 યાત્રીઓની પાંચમી ટૂકડી ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી રવાના થઈ હતી.

આજે વહેલી સવારે 261 કાફલામાં યાત્રીઓ રવાના થયા હતા, જેમાં 5 હજાર 91 પૂરુષ, એક હજાર 102 મહિલા, 19 બાળકો, 301 સાધુઓ અને 24 સાધ્વીનો સમાંવેશ થાય છે. આમાંથી બે હજાર 106 યાત્રીઓ બાલતાલ અને 4 હજાર 431 યાત્રીઓ પહલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા.

# AUSTRALIA STUDENT VISA

ઓસ્ટ્રેલિયાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ વિઝા ફી 710 ડોલરથી વધારીને 1,600 ડોલર કરી છે.

આ પગલાથી ઓસ્ટ્રેલિયા દેશમાં અભ્યાસ કરવાની યોજના બનાવી રહેલા લાખો ભારતીય વિદ્યાર્થીઓને અસર થશે. આ નિર્ણયથી ઓસ્ટ્રેલિયામાં વસતા

વિદ્યાર્થી પ્રતિનિધિઓમાં રોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે આઅ નિયમ થકી સંભવિત વિદ્યાર્થીઓને અન્ય દેશમાં અભ્યાસ માટે જશે.

વધુમાં આ નિયમ હેઠળ જેઓ ટેમ્પરરી ગ્રેજ્યુએટ, વિઝિટર અને મેરીટાઇમ ક્રૂ વિઝા પર હાલ ઓસ્ટ્રેલિયામાં રહે છે તેઓ સ્ટુડન્ટ વિઝા માટે અરજી કરવાને પાત્ર રહેશે નહીં.

દરમિયાન, આ નવા વધારા અંગે ઓસ્ટ્રેલિયન સરકારે જણાવ્યું હતું કે આ વધારાની આવક શિક્ષણમાં વિવિધ નવી પહેલ માટે ભંડોળ પૂરું પાડશે.

## INDIA-THAILANDMILITARY EXERCISE

ભારતીય લશ્કરનો કાફલો ભારત-થાઇલેન્ડ સંયુક્ત લશ્કરી કવાયત 'મૈત્રી'ની 13મી આવૃત્તિ માટે ગઈ કાલે રવાના થયો છે. થાઇલેન્ડના તાક પ્રાંતમાં ફોર્ટ વચિરાપ્રકામ ખાતે 15 જુલાઇ સુધી કવાયત હાથ ધરવામાં આવશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે,76 જવાનોના ભારતીય લશ્કરનાં કાફલામાં લડાખ સ્કાઉટ્સની બટાલિયન અને અન્ય સશસ્ત્ર સેવાઓનાં જવાનોનો સમાવેશ થાય છે. રોયલ થાઇલેન્ડ આર્મીના 76 જવાનો છે, જેમાં મુખ્યત્વે પ્રથમ બટાલિયાન અને ચાર ડિવિઝનનાં 14 ઇન્ફેન્ટ્રી રેજિમેન્ટનો સમાવેશ થાય છે. મૈત્રી કવાયતનો હેતુ ભારત અને થાઇલેન્ડ વચ્ચે લશ્કરી સહકાર મજબૂત બનાવવાનો છે.

આ કવાયતથી જંગલ અને શહેરોમાં બળવાખોરી અને ત્રાસવાદી અભિયાનોનો સામનો કરવાની સંયુક્ત ક્ષમતામાં વધારો થશે. કવાયતમાં શારિરીક ચુસ્તતા, સંયુક્ત આયોજન અને વ્યૂહાત્મક પગલાં પર ભાર મૂકવામાં આવશે. મૈત્રી કવાયતથી બંને દેશો સંયુક્ત અભિયાન હાથ ધરવા માટેનાં વ્યૂહ, ટેકનિકલ અને પ્રક્રિયાઓની આપલે કરી શકશે. આ અગાઉ મૈત્રી કવાયતની સપ્ટેમ્બર, 2019માં મેઘાલયમાં યોજાઈ હતી.

## IND VS ZIM T20 SQUAD

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે પાંચ મેચોની ટી-20 સિરિઝ 6 થી 14 જુલાઈ દરમિયાન હરારેના સ્પોર્ટ્સ ક્લબમાં રમાશે. ઝિમ્બાબ્વેએ શ્રેણી માટે તેની સત્તર સભ્યોની ટીમની જાહેરાત કરી છે. ટીમના સૌથી વરિષ્ઠ ખેલાડી અને અનુભવી બેટ્સમેન સિકંદર રઝા યુવા ટીમનું નેતૃત્વ કરશે. ઝિમ્બાબ્વેએ બેલ્જિયમમાં જન્મેલા એન્તુમ નકવીનું નામ પણ અસ્થાયી રૂપે ટીમમાં રાખ્યું છે, કારણ કે તેની નાગરિકતાની સ્થિતિની પુષ્ટિ હજુ બાકી છે.

બીજી તરફ, ભારતે ઝિમ્બાબ્વે સામે 15 સભ્યોની ટીમ જાહેર કરી છે. શુભમન ગિલ ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. ભારતીય ટીમમાં ધ્રુવ જુરેલ, રિયાન પરાગ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ અને અન્ય ખેલાડીઓનો સમાવેશ થાય છે. બીસીસીઆઈના સચિવ જય શાહે માધ્યમોને જણાવ્યું હતું કે વીવીએસ લક્ષ્મણ ટીમ ઈન્ડિયા સાથે કોચ તરીકે ઝિમ્બાબ્વે જશે, પરંતુ નવા કોચ શ્રીલંકા શ્રેણીથી જોડાશે. ટીમ ઇન્ડિયાના કોચ અને પસંદગીકાર બંનેની નિમણૂંક ટૂંક સમયમાં કરવામાં આવશે.

# SEBI NOTICE

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા(સેબી)એ હિન્ડેનબર્ગ રિસર્ચ એલ. એલ. સી, નાથન એન્ડરસન અને મોરેશિયસ સ્થિત વિદેશી પોર્ટફોલિયો રોકાણકાર માર્ક કિંગ્ડનની સંસ્થાઓને અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડના શેર ટ્રેડિંગમાં ઉલ્લંઘન બદલ નોટિસ જારી કરી છે.

આ 46 પાનની કારણ નોટિસમાં સેબીએ આરોપ મૂક્યો છે કે હિંડનબર્ગ અને એન્ડરસને, સેબી એક્ટ હેઠળના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. માર્કેટ રેગ્યુલેટરે ધ્યાન દોર્યું હતું કે હિન્ડેનબર્ગ અને FPI એન્ટિટીએ ગેરમાર્ગે દોરતી જાહેરાત કરી હતી કે આ અહેવાલ ભારત બહાર જામીનગીરીના સોદામાં મૂલ્યાંકન પૂરતી જ છે, પણ ખરેખર તે સ્પષ્ટપણે ભારતમાં લિસ્ટેડ એન્ટિટીઓને સંબંધિત હતો.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે ઉત્તરાખંડ, આસામ અને મેઘાલયમાં અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. આગામી ત્રણથી ચાર દિવસ માટે હિમાચલ પ્રદેશ, પંજાબ, રિયાણા, ચંદીગઢ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને બિહારમાં ભારે વરસાદ યથાવત રહેશે.

ગુજરાત અને પશ્ચિમ કાંઠાના વિસ્તારોમાં પણ ભારે વરસાદ ચાલુ રહેશે. હવામાન વિભાગની માસિક આગાહી પ્રમાણે જુલાઇ મહિનામાં દેશભરમાં સરેરાશ કરતા વધુ વરસાદ પડશે. ચોમાસાની ઋતુનાં બીજા ભાગમાં લા નિના સ્થિતિ સર્જાવાની સંભાવના છે.